# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/236 Dt. 08/12/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ટેક્સટાઇલ પર્વ 2.0નો પાંચમો દિવસ – ‘વિકસિત ભારત @2047’માં ભારતીય ટેક્સટાઇલ ઉદ્યોગની ભૂમિકા પર વૈજ્ઞાનિક અને વ્યૂહાત્મક ચર્ચા

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના જી.એફ.આર.આર.સી. (ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર) દ્વારા તા. ૧લીથી ૮મી ડિસેમ્બર, ૨૦૨૫ દરમ્યાન સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સાંજે ૫:૩૦ કલાકે ટેક્ષ્ટાઇલ પર્વનું આયોજન કરવામાં આવ્યું છે. શુક્રવાર, તા. 5 ડિસેમ્બરે ટેક્ષ્ટાઇલ પર્વના પાંચમા દિવસે નિષ્ણાત વકતા તરીકે અમદાવાદ ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિએશન (એટીઆઈઆરએ), અમદાવાદના ચેરમેન ડૉ. અશ્વિન ઠક્કરે વિકસિત ભારત @2047-ભારતીય કાપડ ઉદ્યોગની ભૂમિકા વિશે વાત કરી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે આ વખતે અમદાવાદ, દિલ્હીથી પણ તજજ્ઞોને બોલાવી ટેક્સટાઈલ ઉદ્યોગને માર્ગદર્શન આપવાનો પ્રયાસ છે. તેમણે આંતરરાષ્ટ્રીય સ્તરે ઉદ્યોગોને પુશ આપવા માટે ચેમ્બરના પ્રયાસોનો ચિતાર આપ્યો હતો.

અમદાવાદ ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિએશન (એટીઆઈઆરએ), અમદાવાદના ચેરમેન ડૉ. અશ્વિન ઠક્કરે કહ્યું કે પોલિયેસ્ટર આવ્યા પછી સુરતે જે ટર્ન લીધો છે, ગ્રોથ કર્યો છે એ પ્રશંસનીય છે. સુરતનો ગ્રોથ રેટ અદ્દભૂત છે. તેમણે વેલ્યુ ચેનની સરળ રીતે સમજ આપતા કહ્યું કે અગાઉ ચીન આપણી પાસેથી યાર્ન લઈને એ જ ભાવે કાપડ આપતું. હવે સમગ્ર વેલ્યુ ચેન દેશમાં બને છે, નેટ ફોરેન એક્સચેન્જ કમાવી આપે છે, પોલિયેસ્ટર

ઉત્પાદનમાં આપણે વિશ્વમાં નંબર વન છીએ, છતાં ચીન કેમ આગળ છે એનો ગ્લોબલ ટેક્સટાઈલ અને એપેરલ ટ્રેડનો ડેટા આપ્યો હતો. ટેકનિકલ ટેક્સટાઈલના વધતા ટ્રેન્ડ અંગે પણ તેમણે વિગતે વાત કરી હતી જેમાં માર્જિન વધુ રાખી શકાય છે.

તેમણે કહ્યું કે સ્થાનિક રીતે ટેક્સ્ટાઈલની માગ ખૂબ જ વધવાની છે, નિકાસ તો વધે જ છે. સ્પોર્ટ્સવેરમાં કોટન કેમ ન ચાલે અને પોલિયેસ્ટર જ પહેરવું પડે એ ટેકનિકલ દલીલો સાથે સમજાવ્યું હતું. વિગતે ડેટા રજૂ કરીને તેમણે કહ્યું કે 2047 સુધીમાં વિકસિત ભારતનાં વિઝનમાં જ નહીં પણ 2070 સુધીમાં નેટ ઝીરો એમિનેશન સ્ટેટ્સમાં પણ ટેક્સટાઈલ ક્ષેત્રની મુખ્ય ભૂમિકા રહેવાની છે. તેમણે ટેકનિકલ ટેક્સ્ટાઈલમાં આર એન્ડ ડીની જરૂર પર ભાર મૂક્યો હતો અને વૃદ્ધિ આડેના અવરોધો પર પ્રકાશ પાડ્યો.

વક્તાએ ઉદ્યોગકારોને મૂંઝવતા પ્રશ્નોના જવાબ આપ્યા હતા. જીએફઆરસીસીના કો-ચેરમેન શ્રી અમરિષ ભટ્ટે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું અને આભારવિધિ કરી હતી.